જિલ્લા નાયબ નિયામક(વિકસતી જાતી)ની કચેરી
જિલ્લા સેવા સદન, જુની કોર્ટ
બહુમાળી ભવન કેમ્પસ,નાનપુરા સુરત
ફોન/ફેક્સ :-૦૨૬૧-૨૪૬૦૬૯૮ E-mail d.dirsurat@gmail.com

નં. જિનાની/વિજા/પોમેસ્કો/૧૬-૧૭ / ૨૨૫૬ તા.૨૮/૯/૧૬

વી. ન. દ. ગુ. યુનિ. સુરત.
આવક નં. 19,662
તારીખ 14/10

પ્રતિ,

માન. રજીસ્ટ્રારશ્રી,

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી

યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ,-સુરત

વિષય :- શિષ્યવુતિ ની દરખાસ્ત મોકલવા બાબત

જયભારત સાથ ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનુંકે ચાલુ વર્ષ ૨૦૧૬-૧૭ માં દરેક અભ્યાસક્રમમાં પ્રવેશની કમગીરી પુર્ણ થઇ ગયેલ છે. હજુ સુધી આપની યુનિવર્સિટીના ભવનના સામાજિક શૈક્ષણિક રીતે પછાતવર્ગના વિદ્યાર્થીઓની શિષ્યવુતિની દરખાસ્ત આજદિન સુધી આ કચેરીને મળેલ નથી તો આપ સાહેબ નું અંગત ધ્યાન દોરતા વિનંતી છે કે આપની કક્ષાએથી યુનિવર્સિટીની દરેક ભવન ના હેડ ને ચાલુ વર્ષેની ફ્રેશ અને રીન્યુઅલ વિધ્યાર્થીઓની પોસ્ટમેટ્રીક શિષ્યવુતિ ની દરખાસ્ત નિયત પત્રકમાં દર્શાવેલા કોલમમાં વિધ્યાર્થીઓના આધારકાર્ડ નંબર/, બેકનુ નામ /,બ્રાંચનુ નામ,/ બેકંનો I.F.S.C. કોડ નંબર,અને વિધ્યાર્થીનો બેંક એકાઉન્ટ નંબર સાથે તા.૧૦/૧૦/૧૬ સુધીમાં આ કચેરીમાં રુબરુ મંજુર કરાવી લેવા જરુરી સુચના આપવા વિનંતી છે.

વધુમાં, આધાર કાર્ડ ન હોય તો આધાર કાર્ડ માટે અરજી કરેલ હોય તો તેનો નોંધણી નંબર દર્શાવવો અનિવાર્ય છે. ખાનગી કોલેજના વિધ્યાર્થીઓની કિસ્સામાં નિયત કોલમમાં વિધ્યાર્થીઓના બી:પી.એલ ની વિગત દર્શાવવી. આવા વિધ્યાર્થીઓની આવક મર્યાદા ધ્યાને લઇને શિષ્યવુતિ મંજુર કરવામાં આવશે. બી.પી.એલ. ની વિગત ગ્રામ્ય વિસ્તાર માટે તલાટી-કમ-મંત્રીશ્રીનુ પ્રમાણપત્ર તેમજ શહેરીવિસ્તાર માટે સુવર્ણ જયંતી બી.પી.એલ. કાર્ડ ની નકલ કોલેજે મેળવી લેવાની રહેશે, જેની નોધ લેવી. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી સુરતની વેબ સાઇટ ઉપર વિગતવાર પરિપત્ર મુકવામાં આવેલ છે જે ધ્યાને લેવા વિનંતી.

(ડી.એમ.ત્રિવેદી)
જિલ્લા નાયબ નિયામક
(વિકસતી જાતી) સુરત